ક્રમાંક: જીસીવીટી/ટી.૬/૨૦૦૯/ ૨૮૬
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,
બ્લોક નં. ૮,ત્રીજો માળ,
ડો.જીવરાજ મહેતાભવન,
ગાંધીનગર – ૩૮૨ ૦૧૦
તા. ૯ / ૦૧/ ૨૦૦૯

**વંચાણે લીધો : આ કચેરીનો તા. ૨૬–૯–૦૮નો પરીપત્ર ક્રમાંક:જીસીવીટી/ટી.૬/૨૦૦૮/૯૭૩૭**

**<u>પરીપત્ર :</u>**

રાજયની આઈ.ટી.આઈ. / જી.આઈ. એ. / સરકારી ટેકનીકલ હાઈસ્કુલમાંથી પાસ થયેલા,વિદેશ જવા માંગતા તાલીમાર્થીઓની માંગણી મુજબ આ તમામ યોજના હેઠળના અભ્યાસક્રમોના તાલીમાર્થીઓની ટ્રાન્સ્ક્રીપ્ટ બાબત સુચના આપવામાં આવેલ છે તેમાં એપ્રેન્ટીશ તાલીમ યોજનાનો પણ સમાવેશ કરેલ છે. આ બાબત સ્પષ્ટતા કરવાની કે ,એપ્રેન્ટીશ તાલીમ યોજના હેઠળના તાલીમાર્થીઓ માટે પણ સબંધીત સંસ્થાના વડાને ટ્રાન્સ્ક્રીપ્ટની પ્રતિ સહી કરવાની સત્તા આપવામાં આવેલ છે પરંતુ પરીક્ષાઓનો રેકર્ડ જો નોડલ સંસ્થાઓ ખાતે ઉપલબ્ધ ન હોય તેવા સંજોગોમાં સબંધિત પ્રાદેશીક કચેરી ખાતે ઉપલબ્ધ હોય તો , આવી ટ્રાન્સ્ક્રીપ્ટ પ્રાદેશીક કચેરીના વડાની સહીથી એનાયત કરવાની રહેશે. આ ટ્રાન્સ્ક્રીપ્ટ પ્રતિસહી માટે આ કચેરીને મોકલવાની રહેશે નહી.

અન્ય સુચનાઓ તા. ૨૬–૯–૦૮નો પરીપત્ર મુજબ યથાવત રહેશે.

નાયબ નિયંત્રક(પરીક્ષા)
ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ,
ગાંધીનગર

પ્રતિ,
તમામ આઈ.ટી.આઈ. / જી.આઈ.એ./ સરકારી ટેકનીકલ હાઈસ્કુલ સંસ્થાઓના વડા તરફ.
– જાણ તથા અમલ કરવા સારૂ.

**<u>નકલ સાદર રવાના :</u>**
નાયબ નિયામકશ્રી(તાલીમ),પ્રાદેશિક કચેરી, અમદાવાદ / વડોદરા / રાજકોટ / સુરત તરફ.
– જાણ તથા તાબાની કચેરી પાસે અમલ કરાવવા સારૂ.

TRANSCRIPT